ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૩-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

## કિડની ઇન્સ્ટિટયૂટને રાજ્ય યુનિવર્સિટીનો દરજ્જો આવકારદાયક

ગુજરાતમાં વૈશ્વિક સ્તરની તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં અમદાવાદ સ્થિત કિડની ઇન્સ્ટિટયૂટનો નોંધપાત્ર ફાળો છે. આ વર્ષે જ જેમની સેવાઓની નોંધ લઇ કેન્દ્ર સરકારે પદ્મશ્રી એવોર્ડ માટે પસંદગી કરેલ છે તેવા ડો. એચ.એલ. ત્રિવેદીએ વિદેશની ધીકતી કમાણી છોડીને માદરે વતનમાં પોતાના જ્ઞાનનો લાભ અપાવવાના શુભાશયથી શરૂ કરેલ કિડની હોસ્પિટલ છેલ્લાં વર્ષો દરમિયાન ગુજરાત અને પાડોશી રાજ્યોની પ્રજા માટે આશીર્વાદ રુપ સાબિત થઇ છે. રાજ્ય સરકારે આ સતત વિકસતી આરોગ્ય સંસ્થાને વૈશ્વિક ઓળખ ઉપલબ્ધ કરાવતું વિધેયક પસાર કરી સ્ટેટ યુનિવર્સિટીની માન્યતા આપતાં ડો. ત્રિવેદીનું સપનું સાકાર થશે. અહીં કિડની ટ્રાન્સપ્લાસન્ટેશન ઉપરાંત સદ્યઃ મૃતકોનાં અંગોના પ્રત્યારોપણની પણ વ્યવસ્થા છે. કેડેવર કિડની તથા અન્ય વાઇરલ ઓર્ગન્સ - જેવા કે લિવર અને ભવિષ્યમં હાર્ટ સુધીના ટ્રાન્સપ્લાન્ટેશન માટેની ક્ષમતા વિકસવવા સુસજ્જ અને સક્ષમ આ ઇન્સ્ટિટયુટને રાજ્ય સરકારનો આશ્રય ઉપલબ્ધ થતાં માત્ર હોસ્પિટલ ન રહેતાં તે રાજ્યની અને દેશની અગ્રિમ વિદ્યા - સંશોધન સંસ્થા બની રહેશે, જે માટે ગુજરાત ગૌરવ લઇ શકશે. અંગ પ્રત્યારોપણનું વિજ્ઞાન અમેરિકા-યુરોપની જેમ ઘર આંગણે વિકસતાં એનો લાભ સામાન્ય નાગરિકોને પણ મળી શકશે. કિડની ફાઉન્ડેશન ટ્રસ્ટ હેઠળ ચાલતી આ સંસ્થાને મદદરુપ થવા માટે પૂ. મોરારિ બાપુએ પણ થોડા સમય પહેલાં રામકથા આપી હતી, અને યોગાનુયોગ એ જ અરસામાં આ ઇન્સ્ટિટયૂટના સંસ્થાપક - સ્વપ્નદૃષ્ટા ડો. ત્રિવેદીને કેન્દ્ર સરકારના પદ્મશ્રી એવોર્ડની જાહેરાત થઇ હતી. વિશ્વના સૌથી મોટા કિડની ઇન્સ્ટિટયૂટ તરીકે ખ્યાતિ ધરાવતી આ તબીબી સંસ્થાને યુનિવર્સિટીનો દરજ્જો મળતાં એની પ્રતિષ્ઠામાં છોગુ ઉમેરાયું છે. રાજ્ય સરકારનું આ વિધેયક સર્વસંમતિથી પસાર થયું છે તે જ દર્શાવે છે કે આવાં ઋષિકાર્યોમાં રાજકીય મતભેદોને અવકાશ હોઇ જ ન શકે. આ શુભ પ્રસંગે આપણે 'કિડની પુરુષ' ડો. એચ.એલ. ત્રિવેદીને અને ગુજરાત વિધાનસભાના કર્ણધારોને, વિશેષપણે રાજ્યનાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને આરોગ્યમંત્રી નીતિન પટેલને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા જ ગણાશે. નોબેલ પારિતોષિક માટેની લાયકાત ધરાવતા ડો. ત્રિવેદી માટે તો એમના જીવનની આ ધન્ય પળો છે. સ્ટેમસેલ ટ્રાન્સપ્લાન્ટેશનની નવી ટેકનિક દ્વારા કેન્સર જેવા દુઃસાધ્ય રોગોના ઉપચારની શરૂઆત પણ હવે 'યુનિવર્સિટી' નો દરજ્જો પામેલ કિડની ઇન્સ્ટિટયૂટમાં થઇ રહી છે, તે વળી ઘણાં જ સુખદ સમાચાર છે. ડો. ત્રિવેદીના ઋષિકાર્યમાં કવિ માધવ રામાનુજની કરુણા પણ ભળી છે, જે આવનારાં વર્ષોમાં માનવસેવાનાં નવાં શિખર આંબશે.



ગાંધીનગરના સેકટર-૭ની જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયની ધો. ૭માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. ઈશિતા પરમારે આંતરરાષ્ટ્રીય કક્ષાએ થાઈલેન્ડમાં યોજોયલ જીત કુનેડો સ્પર્ધામાં રજત ચંદ્રક પ્રાપ્ત કરી નગરનું ગૌરવ વધારેલ છે. કુ. ઈશિતાએ અગાઉ રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ શુવર્ણચંદ્રક પણ મેળવ્યો હતો. આચાર્યા મીનાબેન ચૌધરી અને શાળા પરિવારે કુ. ઈશિતાને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી છે.

## ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં કેમ્પસ ઈન્ટરવ્યું યોજાયા

ગાંધીનગર, તા. ૨૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની વકીલ ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આર.એચ. પટેલ ઈંગ્લીસ મીડીયમ બી.એડ. કોલેજ અને પી.ટી.સી. કોલેજના સંયુક્ત ઉપક્રમે પ્રશિક્ષણાર્થીઓને શિક્ષક બનવાની તક મળે તે હેતુથી તા. ૨૭-૩-૨૦૧૫ના રોજ કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પસ ઈન્ટરવ્યું માટે ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા વગેરે જિલ્લાઓની ૨૫ સ્કૂલોએ ભાગ લીધો હતો. જેમાં બી.એડ., એમ.એડ. અને પી.ટી.સી. કોલેજના પ્રશિક્ષણાર્થીઓએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઈન્ટરવ્યું આપ્યા હતા. તાલીમાર્થીની લાયકાત આધારે ઉચ્ચ પગાર ધોરણ પર વિવિધ શાળાઓમાં તેમની પસંદગી કરવામાં આવી હતી.

કેમ્પસ ઈન્ટરવ્યુમાં વિવિધ સ્કૂલોના ટ્રસ્ટીઓ અને પ્રિન્સિપાલો ઉપસ્થિત રહ્યા હતા. જેમને જરૂરિયાત પ્રમાણે યોગ્ય શિક્ષકો તૈયાર કરવા બદલ કોલેજ તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલયની પ્રશંસા કરી હતી. ફેકલ્ટી ઓફ એજ્યુકેશન ડીન પ્રો. વીણાબેન પટેલે તાલીમાર્થીઓને શિક્ષક તરીકેની નિમણુંક આપનારી સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## આર.જી. પટેલ કન્યા શાળામાં ધ્યાન માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સે. ૨૩માં આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ.જી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં 'ધ્યાન' અંગે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીનીઓને કોબાની પ્રેક્ષાભારતી સંસ્થાના નિષ્ણાંતો દ્વારા ધ્યાન અંગે માર્ગદર્શન આપી વિવિધ રીતો શીખવાડવામાં આવી હતી.

શાળામાં 'ધ્યાન' અંગે માર્ગદર્શન આપવા માટે ગાંધીનગર શહેરની નજીક આવેલ પ્રેક્ષાભારતી ધ્યાન એકેડેમી કોબા સંસ્થાના એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર અશોકકુમાર જૈન તથા શંભુદયાળ ટાંક ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યા શ્રીમતી સુધાબેન પટેલ દ્વારા બન્ને મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. અશોકકુમાર જૈન પ્રેક્ષાભારતી સંસ્થાનો આછેરો પરિચય આપી તેમની સંસ્થા દ્વારા ગુજરાતની જેલોના કેદીઓને ધ્યાન અંગે આપવામાં આવતાં વિવિધ કાર્યક્રમોની માહિતી આપી હતી. ત્યાર બાદ શંભુદયાળ ટાંકે વિદ્યાર્થિનીઓને યાદશક્તિ વધારવા માટે યોગ્ય પ્રવૃત્તિઓની માહિતી આપી હતી તેમજ દૃષ્ટિ સુધારવા માટે આંખોને લગતી કેટલીક કસરતો પણ કરાવી હતી. સાથે સાથે તેમણે મનની એકાગ્રતા માટે વિદ્યાર્થિનીઓને ૐ કારના ગુંજનથી મનની એકાગ્રતાનો પ્રયોગ કરાવ્યો તેમજ શાળાની તમામ વિદ્યાર્થિનીઓને પોતાનું ગૃહકાર્ય રોજેરોજ કરવા અંગેની પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી. અંતે શાળાના ઉ.મા. વિભાગના શિક્ષક જશુભાઈ એચ. સુતરિયાએ ઉપસ્થિત મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. શાળાના આચાર્યા સુધાબેન પટેલે બન્ને મહેમાનો આમંત્રણને માન આપી ઉપસ્થિત રહ્યા અને ધ્યાન અંગે માહિતી આપી તે બદલ તેમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## શહેર જાગૃત નાગરિક પરિષદની ૬ઠ્ઠીએ બેઠક

ગાંધીનગર, તા.૨૭

જાગૃત નાગરિક પરિષદની કારોબારીની નવેસરથી રચના તેમજ જરુરી ઠરાવો સંબંધમાં પુન્ઃ વિચારણા કરી નિર્ણયો લેવા માટે સંસ્થાની કારોબારીની બેઠક અને અનુસંધાનમાં સામાન્યસભાનું તા. ૬ઠ્ઠી એપ્રિલ સોમવાર બપોરે ચાર વાગે કારોબારી બેઠક મળશે. પાંચ વાગે સામાન્ય સભા યોજાશે. નમન એપાર્ટમેન્ટ સેકટર-૨૧ ગાંધીનગર ખાતે યોજાશે. કારોબારી સભ્યોએ હાજર રહેવા પ્રમુખશ્રી લવજીભાઈ વાડીઆએ જણાવેલ છે.

## આજે સેકટર-૮, મોડાસા, વડપુરા ખાતે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૨૭

રામનવમી નિમિત્તે સુંદરકાંડ પાઠ સંજયભારતી બાપુની વ્યાસપીઠે તા. ૨૮ માર્ચ શનિવારે સવારે ૯-૦૦ વાગે રામજીમંદિર મોડાસા ખાતે યોજાશે. બપોરે ૩-૦૦ વાગે પ્લોટ નં ૩૦૭/૧, મંગલમૂર્તિ, કોમ્પ્લેક્ષ સેકટર-૮ ગાંધીનગર ખાતે અને રાત્રે ૯-૦૦ વાગે વડપુરા-નંદાસણ સ્થિત રામજીમંદિર ખાતે સંગીતમય સુંદરકાંડ પાઠ યોજાશે.

## રવિવારે દ્વિઅંકી નાટક પાગલ મારો સાંવરિયોની પ્રસ્તુતિ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજ્યના રમતગમત અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ અને સંગીત નાટક અકાદમી દ્વારા યુવા પ્રતિભાશાળી દિગ્દર્શક આર્થિક સહાય હેઠળ પુરસ્કૃત દ્વિઅંકી નાટક પાગલ મારો સાંવરિયો તા. ૨૯મી માર્ચ રવિવારે અમદાવાદના પાલડી ખાતે બી.કે. હોલ રંગમંચમાં રાત્રે ૮.૩૦ કલાકે પ્રસ્તુત કરાશે.

આ દ્વિઅંકી નાટકની પ્રસ્તુતિ પ્રસંગે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવી અને સચિવ બી.એચ. તલાટી મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત વિદ્વાન હાસ્ય કલાકાર સાંઈરામ દવે અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે. આ દ્વિઅંકી નાટકના લેખક-દિગ્દર્શક ઝલક ચાવડા છે અને સહાયક દિગ્દર્શક હેતલ ભટ્ટી છે. આ નાટકમાં આશાબા સરવૈયા, કિન્નરીબેન દવે, હેતલ ભટ્ટી, ફાલ્ગુન નંદા, વિશાલ બારોટ, રાજન નિનામા, જીગ્નેશ સોલંકી અને તર્જની માંકડ વગેરે અભિનયના અજવાળા પાથરશે. નાયકમાં સંગીત રોનક સુતરીયાએ આપ્યું છે.

## આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં તા. ૨૫-૩-૨૦૧૫ને બુધવારના રોજ ધો-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો. જેમાં ધોરણ-૮ના વિદ્યાર્થીઓને આગામી નવા શૈક્ષણિક વર્ષની હાર્દિક શુભેચ્છા પાઠવી. વિદ્યાર્થીઓએ પોતાના ધોરણ ૧ થી ૮ના સંસ્મરણો અને જુની યાદો તાજી કરી પોતાના અભિપ્રાયો રજુ કર્યા હતા. આજના દિવસે વિદાયગીતો, અભિપ્રાયો તથા ડાન્સ રજુ કરી પોતાની શાળાની યાદો, મિત્રો સાથે તથા શિક્ષકો સાથેના બનાવો વાગોળ્યા હતા.

શાળાના આચાર્ય દ્વારા ધોરણ-૮ના વિદ્યાર્થીઓને કારકિર્દીના ઘડતરમાં શિક્ષક અને શિક્ષણું આગવું મહત્વ છે. શાળામાં આદર્શ વિદ્યાર્થી માટે શિસ્તનું પણ મહત્વ તથા શિક્ષકો દ્વારા સારું શિક્ષણ મેળવી ઉજજવળ ભવિષ્ય બનાવી સારા નાગરિક બનો તથા પોતાનું નામ રોશન કરો તેવી શુભેચ્છા પાઠવી હતી.

## રિવરફ્રન્ટ ખાતે પહેલીથી ફલાઈંગ એર-શો

અમદાવાદ, તા.૨૭

રાજ્યનાં નાણા, ઊર્જા અને નાગરિક ઉડ્ડયન મંત્રી સૌરભભાઈ પટેલે આગામી તા.૧ એપ્રિલથી યોજનારા ત્રિદિવસીય ગુજરાત એરો કોન્કલેવ-૨૦૧૫ની ઘટનાને રાજ્યના નાગરિકો ઉડ્ડયન ક્ષેત્રે અતિ મહત્વપૂર્ણ ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ કોન્કલેવથી ગુજરાત રાજ્યનાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે ઉત્પાદન, સહયોગ અને કૌશલ્ય વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત થશે. આ એરો કોન્કલેવ-૨૦૧૫ અંતર્ગત બિઝનેસ કોન્કલેવ ઉપરાંત એક્રોબેટિક ફલાઈંગ ડિસ્પ્લે પણ યોજાશે તેની વિગતો આપતાં મંત્રી સૌરભભાઈ પટેલ જણાવ્યું હતું કે, એક્રોબેટિક ફલાઈંગ ડિસ્પ્લે તા. ૦૧-૦૪-૨૦૧૫ થી તા. ૦૪-૦૪-૨૦૧૫ દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કરશે. સમગ્ર વિશ્વમાં ફલાઈંગ એર શો કરનાર યુકે સ્થિત બ્રિટિશ એક્રોબેટિક ચેમ્પિયન્સની ટીમ ધ ગ્લોબલ સ્ટાર્સ ટીમ ૪ એપક્રાફટ્સ સાથે અદભૂત ફોર્મેશન એરડિસ્પ્લે અને સોલો એરડિસ્પ્લે ગાંધીબ્રીજ અને નહેરૂબીજ વચ્ચે રિવરફ્રન્ટ પર યોજાશે. જાહેર જનતા માટે તા. ૧ એપ્રિલથી ૪ એપ્રિલ દરમ્યાન દિવસમાં બે દિવસમાં બે વખત આ એક્રોબેટિક ડિસ્પ્લે યોજાશે. મંત્રીએ જણાવ્યું હતું કે, રાજયમાં પ્રથમ વખત ગુજરાત એરો કોન્કલેવ-૨૦૧૫નું આયોજન થઈ રહ્યું છે. આ કાર્યક્રમનું આયોજન નાગરિક ઉડ્ડયન મંત્રાલય, ભારત સરકારના સહયોગમાં ગુજરાત સરકાર અને હિક્કી દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમના પગલે રાજયનાં ઉડ્ડયન ઉદ્યોગને વેગ આપવા માટેની રૂપરેખા તૈયાર થશે.

## હરિની દૃષ્ટિ...




પપા, કપ ના જીત્યા તો, નીરાશ ન થશો. ઇન્ડીયા ન જીત્યું એમ ન વિચારો... એમ વિચારો કે તમારા જેવો એક 'કલાર્ક' વર્લ્ડ કપ જીતી ગયો.



## રકતદાન મહાદાન

જમાનાનો પવન જેના પારસ સરખા શરીરને સ્પર્શી શકયો નથી તેવા એક ફૂટડા યુવાને પોતાના ૧૯મા જન્મદિનની ઉજવણી કંઈક અનોખી રીતે કરવાનો નિર્ધાર કર્યો. અન્ય યુવાનોની જેમ આ યુવાન પણ ધારે તો શહેરની કોઈ અદ્યતન હોટેલના વતાનુકૂલિત બેન્કવેટ હોલમાં મિત્રોની સાથે 'હેપ્પી બર્થ ડે ટુ ઋત્વિક' ની ચીચીયારીઓ વચ્ચે કેક કાપીને પોતાના જન્મદિવસની ઉજવણી કરી શકયો હોત! પણ આ ઋત્વિક તો જુદી જ માટીથી ઘડાયેલો હતો. ૨૬મી માર્ચે ઋત્વિક નીમાવતે રક્તદાન કરી જન્મ દિવસની અનોખી ઉજવણી કરી હતી. આ પ્રેરણા શહેરના લોકસેવકો દ્વારા તેને મળી હતી. રક્તદાન કરી જન્મ દિવસ ઉજવણીની અનોખી ભાત યુવાનોમાં ઉભી થાય તો સમાજનું મોટું કામ યુવાનો દ્વારા થઈ શકે એમ છે અને આ જ સંદેશ સાથે ઋત્વિકે અનોખી ઉજવણી કરી હતી. સાચે જ રક્તદાન - મહાદાન...!!



## ચૈત્રી નવરાત્રી નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

જ્યોતિ મહિલા મંડળ, વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ અને ગાયત્રી શક્તિ પરિવાર દ્વારા વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધાનો વિષય હતો માતા કુમાતા ન ભવતિ... પુત્ર કુપુત્ર જાપતે... ચૈત્રી નવરાત્રી નિમિત્તે દૈવી શક્તિની આરાધના માટે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમ હર્ષાબેન ત્રિવેદી, દ્વિતીય નિરાલીબેન જોષી અને તૃતીય શકુંતલાબેન ઓઝા આવ્યા હતા.

# નબળાને પ્રોત્સાહન અપાય કે સબળાને? સબળો તો ગમે ત્યાં જાતે માર્ગ કરવાનો જ છે

### પરિશ્રમ - પુરસ્કાર
### (એક શૈક્ષણિક પ્રયુક્તિ)
- ગિજુભાઇ દવે

શાળામાં આવતું બાળક ભણતું થાય એ માટે ગુણોત્સવ ઊજવવામાં આવે છે. વળી બધાં જ સ્વીકારે છે કે બાળકને પ્રોત્સાહન આપવાથી તે ભણે - પરંતુ પ્રોત્સાહન આપવામાં કયાંક ને કયાંક કંઇક કચાશ રહી જતી હોઇ ધાર્યું પરિણામ આવતું નથી.

આમાં ગતાનુગતિક વિચારવાનું ચાલુ રાખવાનો દોષ છે. જરા જુદા કોણથી વિચારવાની જરૂર છે.

આપણે પહેલો-બીજો-ત્રીજો નંબર લાવનારને જ ઇનામ પ્રોત્સાહન આપીએ છીએ. તેથી ઉપરના પાંચ-દશ વિદ્યાર્થીઓ જ હરિફાઇ, મહેનત કરે છે. આખો વર્ગ લગભગ નિષ્ક્રિય રહે છે.

તો આ પરિશ્રમ - પુરસ્કાર જન્મગત હોંશિયારીને નહિ, પરિશ્રમ કરનાર દરેકને પુરસ્કૃત કરવાનું તાકે છે. એક ઉ.દા. લઇએ -

ધારો કે એક વર્ગમાં ૫૦ વિદ્યાર્થીઓ છે. તેમાં ૧૦ને હોંશિયાર એટલે કે ઉપજાઉ જમીન માનવામાં આવે છે. બાકીના ૪૦ને બિનઉપજાઉ - ઊખર - જમીન માનવામાં આવે છે. જયારે આ પુરસ્કાર પચાસે-પચાસને ઉપજાઉ જમીન માનીને ચાલે છે. એક દીઠ મનાયેલ વિદ્યાર્થી વર્ષ દરમિયાન મહેનત કરીને પોતાને મળતા ૧૦ ટકામાં વધારો કરીને ૨૫ ટકા લાવતો થાય એટલે કે પોતાના ૧૫ ટકા વધારે તો, હોંશિયાર વિદ્યાર્થી કે જે પોતાના ૮૦ ને બદલે ૯૦ ટકા લાવતો થાય તેનાં કરતાં પેલો વધારે પરિશ્રમ દર્શાવે છે તેથી, ૧૫ ટકા વધારનારને ઇનામપાત્ર ગણવામાં આવશે. હાં, હોંશિયાર વિદ્યાર્થી ૯૬ ટકા લાવી પોતાના ૮૦ ટકામાં ૧૬ ટકા વધારે તો તેને જરૂર ઇનામપાત્ર ગણવામાં આવશે. આમાં પરિશ્રમ કરીને હોંશિયાર બનનારની કિંમત છે. જન્મજાત હોંશિયારની નહિ. નબળાને પ્રોત્સાહન અપાય કે સબળાને? સબળો તો ગમે ત્યાં જાતે માર્ગ કરવાનો જ છે. અમેરિકામાં આવો નબળાને પ્રોત્સાહન આપી ગણિત જેવો વિષય શીખવવામાં આવ્ય ને સારા પરિણામો મેળવાયાં છે.

આ પ્રોજેક્ટનો અમલ સેકટર-૧૫ની સરકારી ઉચ્ચત્તર માધ્યમ. શાળાના નિવૃત્ત ગિજુભાઇ દવેએ સેકટર-૨૮ની સરકારી પ્રા. શાળા નં.૨માં કર્યો, ૩ વર્ષ સુધી કર્યો અને સારાં પરિણામો લીધા. આ ૪થા વર્ષે તે નીચેની સ્કૂલોએ સ્વીકારી ચાલુ કર્યો છે -

(૧) શ્રીમતી એમ.બી. પટેલ કન્યા, પ્રા શાળા, ધો-૧ થી ૮, કડી સર્વ વિદ્યાલય, સે-૨૩, ગાંધીનગર, ગુજ. માધ્યમ.

(૨) ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજા, પ્રા. પ્રાયથી ૧૨ વિદ્યાન સુધી - અંગ્રજી માધ્યમ.

(૩) સંસ્કાર ભારતી શિક્ષણ સંકુલ, ધો-૧ થી ૧૨ અંગ્રેજી- ગુજ. માધ્યમ, ધોળકા, જિ. અમદાવાદ.

જેટલાને કાને આની વાત પહોંચી છે તેમાંના કોઇએ આનો વિરોધ દર્શાવેલ નથી. કાં તો હિંમતને અભાવે, કાં તો દાતાને અભાવે અમલમાં મુકાયો નથી. અનેક પ્રોત્સાહકોમાંથી નીચેના ત્રણ જ ગણાવીએ.

(૧) ચિલ્ડ્રન યુનિવર્સિટી, સેકટર-૨૦ના સલાહકાર અને સ્ત્રીશક્તિ જાગૃતિકરણના પુરસ્કર્તા લેખિકા - વ્યાખ્યાતા સુશ્રી જયોતિબેન થાનકી.

(૨) ગુજરાત શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર-૧૦ ના નિવૃત્ત ના. નિયામક (શિક્ષણ) હરકાંત ત્રિવેદી.

(૩) નિવૃત્ત ઉપકુલપતિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ - જયેશભાઇ દેસાઇ.

ઉપરાંત 'ફૂલછાબ' અને 'કચ્છમિત્રે' આ અંગેના લેખો છાપીને પ્રોત્સાહન આપેલ છે.

● અમલીકરણ

(૧) શૈ. વર્ષની શરૂઆતથી જ વર્ગદીઠ કેટલાને કેટલા પુરસ્કાર મળશે તે જાહેર કરી સમગ્ર વર્ષ દરમિયાન હાલતાં-ચાલતાં પ્રોત્સાહન અને મૌખિક માર્ગદર્શન આપ્યા કરવું.

(૨) વર્ગ શિક્ષક, વિષય શિક્ષક અને આચાર્ય મળી પસંદગીનું ધોરણ નક્કી કરી સંવાદી રીતે અમલ કરવો.

(૩) આમાં કોઇ કાગળ કામ નથી કરવાનું, માનસિક, નિરીક્ષણ, પ્રોત્સાહન કર્યા કરવાનું છે. શાળામાં પરિશ્રમનો માહોલ પૈદા થતા દરેક વિદ્યાર્થી મહેનત કરતો થશે. 'ઘરકામ' લાવનારના ટકા વધી જશે. શિક્ષણનું કામ ઘટશે, સફળતા મળતા થશે.

(૪) પુરસ્કાર ધો. ૩ થી ૧૨માં ગમે તેટલા વર્ગમાં દાખલ કરાય. પ્રાથમિક વિભાગને પ્રાધાન્ય. કેમ કે ત્યાંથી જ પરિશ્રમની ટેવ કેળવાય તો જીવનભર ઉપયોગી થાય.

(૫) આ પ્રોજેક્ટ કોઇ નવી શોધ નથી. જાણ્યે - અજાણ્યે શિક્ષકો તેનો અમલ કરતાં જ આવ્યાં છે. તેને સભાનતાપૂર્વક, આયોજિત રીતે, માનસશાસ્ત્રના સિદ્ધાંતો લાગુ પાડીને અમલ કરવાની વાત છે.

(૬) આપણે કાચબા-સસલાની દોડ - હરિફાઇમાં કાચબો જીત્યો કરીએ છીએ પરંતુ 'સસલાંઓને' જ નવાજીએ છીએ! જીવનમાં જો આ કાચબા - પુરસ્કારની કાચબા - પરિશ્રમ વૃત્તિ દાખલ કરી શકાય તો જીવન જીવવાનો આનંદ મળવા સાથે કોઇ પણ સફળતા મેળવી શકાય છે.

(૭) આમાં વિદ્યાર્થીએ પોતાની જ હરિફાઇ કરી પોતાને જ અતિક્રમ્યા કરવાનો છે. વર્ષો વર્ષ એ રીતે પ્રગતિ કર્યા કરવાની છે. આમાં દર વર્ષે નવા નવા વિદ્યાર્થીઓ આગળ આવતાં જશે જેથી 'રિઝર્વેશન' નહિ થાય.

(૮) નોબેલ પારિતોષિક મેળવનાર ટાગોર પોતાનું રહસ્ય જણાવતાં કહેલું, 'એક ટકો પ્રેરણા, નવ્વાણું ટકા પરસેવો.'

● અભિપ્રાયો

(૧) માત્ર ૧-૨-૩ને જ પુરસ્કૃત કરવાથી અન્ય મહેનતુ વિદ્યાર્થીને અન્યાય થાય છે તે આ પુરસ્કારથી અટકશે.

(૨) સ્કૂલ મેનેજમેંન્ટની આ સામાજિક, નૈતિક ફરજ છે કે આ માટે રકમ ફાળવે. કલબો, દાતાઓ, મંડળોએ આગળ આવીને આ વાત ઉપાડી લેવા જેવી છે. બધું કંઇ સરકાર માથે ન નંખાય.

(૩) નાવીન્ય, શોધ "હર્દદૃક્ષ્હ" ને પસંદ કરનાર વ્યક્તિઓ, ચીલો પાડનારાઓ આ પુરસ્કાર તાત્કાલિનપણે સ્વીકારશે. બીજાઓ તેલ ને તેલની ધાર જોયાં કરશે.

(૪) હજુ હમણાં સુધી ધો.૧૦ અને ૧૨માના પરિણામો વખતે પહેલાં ૨૫ના નામ જાહેર થતાં હતા. તે બંધ એટલા માટે કરવાં પડ્યા કે નબળાં મનના પણ જન્મજાત હોંશિયાર વિદ્યાર્થીઓ આત્મહત્યા કરતાં હતા. આત્મહત્યા કેમ કરતાં હતાં? કેમ કે તેમનો દર વખતે પહેલો કે બીજો નંબર 'રિઝલ્ટ' રહેતો હતો ને ગ્રંથિ બંધાતી હતી કે મારો તો નંબર લાગે જ... આ પુરસ્કાર સ્કૂલમાં દાખલ થાય તો દરેકને સ્વીકારવું પડે કે પરિશ્રમ મહત્ત્વનો છે. કોઇ પણ પરિશ્રમી મેદાન મારી જઇ શકે છે. વિદ્યાર્થી નમ્રતા શીખશે. ખોટું મિથ્યાભિમાન નહિ પોષાય.

(૫) જે શિક્ષણશાસ્ત્રીઓ પરીક્ષા જ પસંદ કરતો નથી. તેઓ આને સ્વીકારશે નહીં. પરંતુ ભલે અનિષ્ઠ હોવા છતાં પરીક્ષાઓ તો અનિવાર્ય હોઇ સ્વીકાર્યા વિના કેમ ચાલશે? તેથી આ પુરસ્કાર વિદ્યાયક ઉપાય તરીકે સ્વીકારવો હિતાવહ છે.

વધુ વિગત માટે સંપર્ક સાધો : ૯૪૨૯૦૬૩૫૩૮